આકાશવાણી, અમદાવાદ

29-04-2026 Midday: 2.30 to 2.35 pm

WEDNESDAY Regional News

## CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ, જેમાં રાજ્યમાં હિટવેવની સ્થિતિ અંગેની કાર્ય યોજના પર ચર્ચા કરવામાં આવી. સુરતમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદોની તૈયારીઓને પણ આખરી ઓપ અપાયો. બેઠકમાં પહેલી મે ગુજરાતનાં સ્થાપના દિવસની ઉજવણી અંગે પણ ચર્ચા કરવામાં આવી.ઉપરાંત રાજ્ય સરકારના આગામી આયોજન અને નીતિગત વિષયો પર સમીક્ષા કરાઈ. આજે મળે બેઠકમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામ પર મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને અભિનંદન પણ અપાયા..

## GANDHINAGAR TB

ટીબી મુક્ત ભારત અભિયાનના બીજા તબક્કા અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ કરેલ 11 વોર્ડમાંથી એક લાખ 5 હજાર 107 વ્યક્તિઓની તપાસ માટેની કામગીરી ચાલી રહી છે. ત્યારે આજે વાવોલ ખાતે પણ 155 વ્યક્તિઓની તબીબી તપાસ કરવામાં આવી હોવાનું, પૂર્વ આરોગ્ય અધિકારી ડોક્ટર સતીશ મકવાણાએ જણાવ્યું.

## SABARKANTHA ACCIDENT

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક બસ અને કાર વચ્ચે અકસ્માત થતાં 6 લોકોના મોત થયા છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 48 પર બનેલી આ ઘટનામાં ચાર લોકો ઘાયલ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર મુસાફરોને લઈને કાર શામળાજીથી હિંમતનગર જઈ રહી હતી ત્યારે પાછળથી આવતી બસે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. ઘટના અંગે પોલીસ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## TOURIST POLICE STATION

પ્રવાસીઓની સુરક્ષા, સુવિધા અને સુખદ અનુભવમાં વધારો કરવા ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગમાં અત્યાધુનિક ‘પ્રવાસી મૈત્રીસભર પોલીસ મથક’ સ્થપાશે. ગાંધીનગર ખાતે રાજ્યના પોલીસ વડા ડૉ.કે.એલ.એન.રાવની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. આ પહેલનો હેતુ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનો જ નહીં, પરંતુ રાજ્યની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાનો છે. વધુ માહિતી આપતા શ્રી રાવે જણાવ્યું કે આ પ્રવાસી પોલીસ મથકના કર્મચારીઓ માટે વિશેષ ગણવેશ પણ ડિઝાઈન કરાશે. તેમણે ઉમેર્યું, પ્રવાસીઓને એક જ મંચ પર તમામ જરૂરી માહિતી અને સુરક્ષા સંબંધી સેવાઓ મળી રહે તે હેતુથી કેન્દ્રીય 'ઈન્ટરેક્ટિવ ટુરિસ્ટ પોલીસ એપ્લિકેશન' વિકસાવાશે.

## HEATWAVE NOTIFICATION

રાજ્યભરમાં શ્રમિકોને બપોરના સમયે ખૂલ્લામાં સીધા તાપ નીચે કામ ન સોંપવા શ્રમ આયુક્તની કચેરીએ સૂચના આપી છે. કચેરી દ્વારા જાહેર કરાયેલા પરિપત્રમાં શ્રમિકોને બપોરે એકથી ચાર વાગ્યા સુધી રાજ્યના તમામ ઉદ્યોગ, બાંધકામ વિસ્તાર, મનરેગા, ઈંટના ભઠ્ઠા સહિતના શ્રમિકોને સીધા તાપ નીચે કામ ન કરાવવા જણાવાયું છે. શ્રમિકોને હિટવૅવ એટલે કે, ગરમીના મોજાના પ્રકોપથી બચાવવા ઍપ્રિલથી આગામી જૂન મહિના સુધી આ પરિપત્રની અમલવારી કરવા પણ સૂચના અપાઈ છે.

## MORBI AND SNR FIRE

મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં આજે આગના અલગઅલગ બનાવ સામે આવ્યા. મોરબીમાં એક ફર્નિચરની દુકાનમાં આગ લાગતાં અગ્નિશમન દળની બે ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂમાં લીધી હતી.

સુરેન્દ્રનગરમાં ચુડા નજીક પ્લાસ્ટિકના દાણા અને ભંગારના વખારમાં આગ લાગી હતી. તેનું સ્વરૂપ જોતા અગ્નિશમન દળે મૅજર કૉલ જાહેર કર્યો હતો. દળે સતત મારો ચલાવી 12 કલાક બાદ મોડી રાત્રે આગ કાબૂમાં લીધી હતી. સદનસીબે બંને બનાવમાં કોઈ જાનહાની થઈ નહતી.

## JUNAGADH DAM

જુનાગઢ તાલુકાના બાદલપુર ગામે સ્થિત ઓજત-2 ડેમમાંથી આવતીકાલે પાણી છોડવામાં આવશે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે ડેમના દરવાજાનું સમારકામ હાથ ધરવાનું હોઈ છ દરવાજા ખોલીને તેમાંથી પાણી છોડવામાં આવશે. ત્યારે જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયાએ ડેમની નીચે આવતા ગ્રામ્ય વિસ્તારને સાવચેત રહેવા અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે જુનાગઢ જિલ્લાના 38 અને પોરબંદર જિલ્લાના 11 ગામો આ ડેમનું પાણી છોડવાથી પ્રભાવિત થઈ શકે છે જેથી જ્યાં સુધી નવી સૂચના ન મળે ત્યાં સુધી આ ગામના લોકોને નદીના પટમાં ન જવા અને પશુપાલકોને એમના પશુઓનું ધ્યાન રાખવા વહીવટી તંત્ર તરફથી અપીલ કરવામાં આવી છે

## DAMAN COAST GUARD

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભારતીય તટરક્ષક અધિકારીઓએ રોટરી રૂપાંતરણ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. બહુઉદ્દેશીય ચેતક હેલિકોપ્ટર પર કઠીન ઓપરેશનલ તાલીમ પૂર્ણ કરનારા પાઇલટ્સ માટે આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનવામાં આવે છે. આ કોર્સ પાઇલટ્સને શોધ અને બચાવ કામગીરી, પ્રદૂષણ નિયંત્રણ સહિત ભારતીય તટરક્ષકના વિવિધ મિશન્સ માટે જરૂરી ઉડાન કુશળતા પ્રદાન કરે છે. હવે આ સ્નાતકોને દેશભરના વિવિધ ચેતક સ્કવાડ્રનમાં તૈનાત કરવામાં આવશે, જ્યાં તેઓ વિશાળ તટરેખા અને સમુદ્રી હિતોની સુરક્ષામાં યોગદાન આપશે.

## VGRC FIRST DAY

સુરતમાં પહેલી મે-થી યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCના પ્રથમ દિવસે “રાસાયણિક ખાતરમાં સ્વનિર્ભરતા – ખાતર ક્ષેત્રમાં આયાતના વિકલ્પ માટેની વ્યૂહરચનાઓ” વિષય પર ચર્ચા કરાશે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે દરરોજ એક હજાર લિટર જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરનારા સુરતના ખેડૂત કમલેશ પટેલ પણ જોડાશે.
ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આઠ લાખથી વધુ ખેડૂતો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે.